# લિંબાયતમાં કૌટુંબિક કાકાએ બળાત્કાર ગુજારી યુવતીને ગર્ભવતી બનાવી દીધી

**જાનથી** મારી નાંખવાની ધમકી આપતાં યુવતી ચૂપ રહી હતી, પોલીસે નરાધમને ઝડપી પાડ્યો

સુરતઃ લિંબાયત વિસ્તારમાં રહેતી યુવતી ઘરમાં એકલી હતી ત્યારે તેના જ વિસ્તારમાં રહેતા તેના કૌટુંબિક કાકાએ ઘરમાં ઘૂસી જઈ એકલતાનો લાભ લઈ બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હતો. બે બાળકોના પિતા એવા નરાધમે ભત્રીજીને આ વાત કોઈને કરશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી યુવતીએ આ વાતની જાણ કોઈને કરી ન હતી પરંતુ ચાર મહિના બાદ તેને ગર્ભ રહી જતાં સમગ્ર હકીકત બાહર આવી હતી.

તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ લિંબાયત વિસ્તારમાં રહેતી એક યુવતી બપોરે આશરે ત્રણેક વાગ્યાના અરસામાં ઘરમાં એકલી હતી અને ઘરકામ કરતી હતી ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો હતો. આ તકનો લાભ ઉઠાવી આ જ વિસ્તારમાં રહેતા તેના કૌટુંબિક કાકા ફિરોજ નિઝામુદ્દીન મન્સુરી અચાનક જ ઘરમાં ઘૂસી ગયો હતો અને ઘરનો દરવાજો બંધ કરી રસોડામાં કામ કરતી ભત્રીજીને પાછળથી પકડી લીધી હતી. આ સમયે યુવતીએ તેનો પ્રતિકાર કરવાની કોશિશ કરી હતી પરંતુ તેનું મોઢું દબાવી બળજબરીથી શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ અગર તુ આજ કી બાત કિસી કો બતાઈ તો તુજે જાન સે માર દૂંગા તેમ ધમકી આપી ભાગી ગયો હતો. ધમકીથી ગભરાયેલી યુવતીએ આ વાતની જાણ કોઈને કરી ન હતી. પરંતુ ચાર મહિના બાદ યુવતી ગર્ભવતી હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ભોગ બનનાર યુવતીએ પરિવારને હકીકત જણાવતા ફિરોજ સામે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી નરાધમ ફિરોજને ઝડપી પાડ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં ESIC હોસ્પિટલનું લોકાર્પણ જૂન સુધીમાં શક્ય: કેન્દ્રીય આરોગ્યમંત્રીનો કામગીરીની ઝડપ વધારવા આદેશ



**પ્રોજેક્ટમાં** એક વર્ષનો વિલંબ, નિર્માણ કાર્ય યુદ્ધના ધોરણે આગળ વધ્યું

સુરતઃ મજૂરાગેટ સિવિલ ચાર રસ્તા નજીક બાંધી રહેલી ESIC (Employees' State Insurance Corporation) હોસ્પિટલનું લોકાર્પણ જૂન મહિના સુધીમાં ચાલુ થવાની શક્યતા છે. આ હોસ્પિટલનું નિર્માણ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે અને દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ESIC હોસ્પિટલ તરીકે તે કાર્યરત થશે. આ હોસ્પિટલનું કામ વર્ષ-2023 સુધીમાં પૂર્ણ થવાનું હતું, પરંતુ વિવિધ કારણોસર તે સમયે પૂરું થઈ શક્યું નહીં. આખરે પ્રોજેક્ટમાં એક વર્ષ જેટલો વિલંબ થયો છે. હવે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ આ નિર્માણ કાર્યની દેખરેખ કડક બનાવી છે અને કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા આદેશ આપ્યો છે.

### દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ESIC હોસ્પિટલ બનશે

આ નવી હોસ્પિટલ 5 એકર જમીનમાં ફેલાયેલી છે. માત્ર સુરત જ નહીં, પણ સમગ્ર દક્ષિણ ગુજરાત માટે મહત્વપૂર્ણ આરોગ્ય કેન્દ્ર બનશે. શ્રમિકો અને કામદારો માટે વિશેષ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ હોસ્પિટલ બનાવવામાં રહી છે. આધુનિક તબીબી ઉપકરણો, વિશિષ્ટ તબીબી વિભાગો અને સુવિધાસભર ઇમરજન્સી સેવા સાથે, તે સરકારી આરોગ્ય સેવા માટે મહત્વનો માઈલસ્ટોન સાબિત થશે.

### હોસ્પિટલમાં આ સુવિધાઓ જોવા મળશે

આ અતિ આધુનિક હોસ્પિટલમાં સામાન્ય OPD સેવાઓ ઉપરાંત ઈમરજન્સી, વિશિષ્ટ તબીબી વિભાગો અને અદ્યતન સારવાર સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. આ હોસ્પિટલમાં બહારથી આવતા દર્દીઓના સગાઓ માટે રહેવાની વિશેષ વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. આમ, સુરત ઉપરાંત આસપાસના 25 કિ.મી. સુધીના વિસ્તારમાં રહેતા લોકોને પણ મોટી રાહત મળશે. હોસ્પિટલ કેમ્પસમાં સ્ટાફ અને ડોક્ટરો માટે 60 ક્વાર્ટર બનાવવામાં આવી રહ્યા છે.

### ESIC હોસ્પિટલથી લાભ કોને મળશે?

આ હોસ્પિટલ ખાસ કરીને ESIC યોજના હેઠળ આવતા શ્રમિકો અને તેમના પરિવારજનો માટે આરોગ્ય સુવિધા આપશે. અનુકૂળ અને ઉચ્ચ સ્તરની તબીબી સારવાર, વિશિષ્ટ ડોક્ટરો અને સસ્તી સારવાર આ હોસ્પિટલની મુખ્ય ખાસિયતો રહેશે.

## સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ છે કે બસ ડેપો??

# વધતા પેસેન્જર ટ્રાફિક સામે ઓછી બેઠક વ્યવસ્થાને લીધે ફર્સ પર કપડું પાથરી ઊંઘતા પ્રવાસીઓ

**યુ ટ્યુબરે** વીડિયો વાઇરલ કરતા ચુંટાયેલા પ્રતિનિધિઓ, કેન્દ્ર સરકાર અને એરપોર્ટ ઓથોરિટીની લોકોએ મજાક ઉડાવી



સુરત : 15 લાખ ડોમેસ્ટિક અને 1.44 લાખ ઈન્ટરનેશનલ પેસેન્જર મળી વર્ષે કુલ 16.49 લાખથી વધુ પેસેન્જરની અવર જવર ધરાવતા સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગમાં બેસવા માટે બેઠક વ્યવસ્થા ઓછી પડતાં પ્રવાસીઓ બસ ડેપો હોય ફર્સ પર કપડું પાથરી ઊંઘતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. લોકો બસ ડેપો પર જેમ પાથરણા પાથરીને બેસે, ઊંઘે છે એવા દ્રશ્યો સુરત એરપોર્ટ પર જોવા મળી રહ્યાં છે. આ દ્રશ્યો સુરતની ચૂંટાયેલી પાંખ, સરકાર અને એરપોર્ટ ઓથોરિટીની સાથે સુરતીઓ માટે પણ શરમજનક છે. વીડિયો વાયરલ કરનાર કોમેન્ટ કરે છે કે, શું આ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે. પેસેન્જર માટે બેસવાની પણ વ્યવસ્થા નથી. વેઈટિંગ એરિયામાં બેસવા માટે ખુરશીઓ ઓછી પડે છે નવા ટર્મિનલ બિલ્ડિંગના વપરાશ માટે DGCA દ્વારા ફ્લોર પ્લાન મંજૂર કરવામાં આવ્યો ન હોવાથી એક વર્ષથી વધુ સમય થયો છતાં ટર્મિનલ બિલ્ડિંગની સેવાઓનો લાભ લઈ શકાતો નથી.

## વસંત પંચમી એટલે જ્ઞાન અને વિદ્યાની દેવી મા શારદાની આરાધનાનો પર્વ



(તસ્વીરઃ સતીષ જાદવ)

કહેવાય છે કે દેવી સરસ્વતી વસંત પંચમીના દિવસે બ્રહ્માના માનસથી અવતરીત થયા હતા. મહા મહિનાની સુદ પાંચમે સૌથી પહેલાં શ્રીકૃષ્ણએ દેવી સરસ્વતીનું પૂજન કર્યું હતું. ત્યારથી સરસ્વતી પૂજનનું પ્રચલન વસંત પંચમીના દિવસે ઉજવવાની પરંપરા ચાલતી આવે છે. ત્યારે તસ્વીરમાં મા શારદાની પ્રતિકરૂપી પ્રતિમાને આખરી ઓપ આપી શ્રધ્ધાળુઓ માટે તૈયાર કરી રહ્યો છે. શ્વેત વસ્ત્રો અને વીણા સાથે મા સરસ્વતીની રૂપ અદભૂત ઝળકી રહ્યું છે.

# જયપુરના વેપારીએ વરાછાના કાપડ વેપારીને રૂ.૫.૨૯ લાખનો ચૂનો ચોપડ્યો

સુરતઃ રાજસ્થાન જયપુરના વેપારીએ સુરતના વરાછાના વેપારી પાસેથી 5.29 લાખનો ઉધારમાં માલ ખરીદી હાથ ખંખેરી લીધા હતા.

અલથાણ સોહમ સર્કલ પાસે ધ મેજેસ્ટીક સોસાયટીમાં રહેતા નિકેત સોહનલાલ સોની વરાછા વિસ્તારમાં આવેલી ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટમાં અંજનીપુત્ર ટેક્ષર્ચ નામના ફર્મથી ધંધો કરે છે. વેપારી નિકેત સોની પાસેથી રાજસ્થાન જયપુરના સચિવાલય વિહાર, મનસરોવર, ખાતે પાર્થ ક્રિએશનના માલિક વિજેન્દ્ર ઢીલોને રૂપિયા ૫,૫૪,૬૯૪નો પોલિસ્ટર વ્હાઈટ કાપડનો માલ ખરીદ્યો હતો. જેમાંથી રૂપિયા ૨૫ હજાર ચૂકવ્યા હતા. જયારે બાકીના લેવાના નીકળતા ૫.૨૯ લાખની ઉઘરાણી કરતા પેમેન્ટ આપી દેવાના વાયદાઓ આપી સમય પસાર કરી પેમેન્ટ નહીં ચૂકવી દુકાન બંધ કરી ભાગી ગયો હતો. વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ઠગબાજ વિજેન્દ્ર ઢીલોન સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## પ્રીલિમનરીની અગાઉના તમામ સ્ટેજ પર થતા ખેલ પર મ્યુનિ.કમિ.ની બ્રેક

# ટીપી સ્કીમમાં જગ્યાનો કબજો લેતા પહેલાં ટીપી વિભાગનો પરામર્શ જરૂરી: મ્યુનિ.કમિ.નો આદેશ

**અગાઉ** જમીનમાલિકો ટીપીઓ અને જે તે ઝોન સાથે મેળાપીપણું કરીને પોતાની જમીન પર રિઝર્વેશન મૂકાવી મોકાની જગ્યા પડાવી લેતા હતા

સુરતઃ ટીપી સ્કીમોમાં જમીનમાલિકોને ફાળવવામાં આવતા પ્લોટમાં મોકાની જગ્યા પડાવી લેવા માટે થતાં ખેલને અટકાવવા માટે મ્યુનિ.કમિ. દ્વારા પરિપત્ર જારી કરીને ટીપી સ્કીમ પ્રીલિમરી સ્ટેજ પર આવે તે પહેલાના સ્ટેજની તમામ ટાઉન પ્લાનિંગ સ્કીમોમાં રિઝર્વેશનની જમીનનો કબજો લેતાં પહેલાં મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગ સાથે સંકલન કરવું અને ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા પરવાનગી આપે પછી જ જે તે જગ્યાનો કબજો લઈ તેમાં કોઈ પણ પ્રોજેક્ટ મુકવો તેવો આદેશ કરવામાં આવ્યો છે.

વિસ્તૃત વિગત મુજબ, ટાઉન પ્લાનિંગ સ્કીમ બને ત્યારે મનપા દ્વારા જે તે જગ્યા પર રિઝર્વેશન મૂકવામાં આવે છે. જો કે ઘણા કિસ્સામાં એવું થાય કે વાંધાવાળી જગ્યા એટલે કે, હાઈ ટેન્શન લાઈન આવતી હોય, ખાડી કીનારે આવતી હોય કે, ઉબડખાબડ જગ્યા હોય એવી જમીનના માલિકો ટીપીઓ સાથે મેળાપીપણામાં પોતાની જગ્યા પર રિઝર્વેશન મુકાવી દે છે અને બાદમાં જેના માટે રિઝર્વેશન મુકાયું હોય છે તે ઝોન, પાણી કે ગટર વિભાગના મેળાપીપણામાં ઉતાવળે-ઉતાવળે કબજો પણ લેવડાવી લે છે. ઝોન તેના પર મનપાના કોઈ પણ પ્રોજેક્ટ મુકીને કામ ચાલુ કરાવી દે છે અને જમીનના માલિક સારી જગ્યાએ પોતાનો ફાયનલ પ્લોટ મેળવી લે છે. એટલે મનપાને નુકશાન જાય છે.

બીજી બાજુ જ્યારે એ ટાઉન પ્લાનિંગ સ્કીમનો પરામર્શ માંગવામાં આવે છે, ત્યારે ટાઉન પ્લાનિંગ વિભાગે તેમાં વાંધો રજૂ કરેલો હોય છે. એટલે મનપાના ઝોન અને ટાઉન પ્લાનિંગ વિભાગ વચ્ચે સંકલન કરાતું નથી અને મનપાને નુકસાન જાય છે તે અગલથી. આ વાતને ધ્યાને રાખીને મનપા કમિશનર શાલિની અગ્રવાલ દ્વારા પરીપત્ર જારી કરીને આદેશ અલ્પ્યો હતો.

# 21 વર્ષ પહેલા 13 હજાર ચોરીને ભાગેલો ચોર કરોડપતિ બન્યા બાદ હવે છેક પકડાયો

**આરોપી** 20 વર્ષથી ચેનાઈ ખાતે મોટો સોનાનો વેપાર કરે છે, સુરત સંબંધીને મળવા આવ્યો ને પોલીસે પકડી પાડ્યો



સુરતઃ ઘોડદોડ રોડ પર આવેલા મઝદા એપાર્ટમેન્ટનાં પહેલા માળ પર આવેલા બંધ ફ્લેટમાં વર્ષ 2003માં સાગરીત સાથે 13 હજારની ચોરી કરનાર ચોર હાલમાં સોનાની દુકાન સાથે કરોડપતિ બન્યા બાદ પકડાયો હતો.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ ઘોડદોડ રોડ પર આવેલા મઝદા એપાર્ટમેન્ટનાં પહેલા માળ પર આવેલા C-101 નંબરના ફ્લેટમાં વર્ષ 2003માં અજાણ્યા બે ઈસમોએ કબાટ તોડી 13 હજારની ચોરી કરી હતી. ઉમરા પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ ગુનામાં સંડોવાયેલા એક ઈસમને અગાઉ પીસીબીએ પકડી પાડ્યો હતો. જ્યારે હાલમાં પીસીબીએ બીજા સાગરીત નરેશકુમાર નારાયણદાસ ભારદ્વાજ (ઉંમર વર્ષ 50 રહે.,અમન કોલેજ સ્ટ્રીટ પાર્ક ટાઉન ચેન્નઈ, મૂળ રહે., રાજસ્થાન)ને પકડી પાડ્યો હતો. નરેશએ જણાવ્યું હતું કે, તે પોલીસની બીકે તે વતન ચાલ્યો ગયો હતો. પોલીસ તેને શોધવા વતન આવી તો તે ત્યાંથી પણ ભાગી ચેનાઈ ભાગી ગયો હતો. તે છેલ્લા 20 વર્ષથી ચેનાઈ ખાતે રહી ન્યુ મારૂતિ જ્વેલર્સ નામની સોનાની દુકાન ચલાવી સોનાનો વેપાર કરી રહ્યો છે. આજરોજ તે કતારગામ સબંધીને મળવા આવ્યો હતો. પોલીસે આરોપી નરેશ ભારદ્વાજની અટક કરી ઉમરા પોલીસને તેની કસ્ટડી સોંપી છે.

# અશ્વિની કુમાર રોડ પર ઓઈલ ઢોળાતા એક પછી એક નવ બાઈક સ્લીપ થઈ

**ફાયર** વિભાગે આવી 1 કિમીનો રોડ સાફ કર્યો

સુરતઃ વરાછા વિસ્તારના અશ્વિનીકુમાર રોડ પર વહેલી સવારે એક કિલોમીટરના રોડ પર ઓઈલ ઢોળાતા નવ જેટલા બાઈકચાલકો સ્લીપ થઈ રોડ પર પટકાયા હતા.

વિસ્તૃત વિગત મુજબ અશ્વિનીકુમાર વિસ્તારમાં ગૌશાળાથી લઈને અશ્વિનીકુમાર સ્મશાન ગરનાળા સુધીના રોડ પર વહેલી સવારે કોઈક રીતે ઓઈલ ઢોળાયું હતું. જેના પગલે આ એક કિલોમીટરનો રસ્તો લપસણો થઈ ગયો હતો. દરમિયાન વહેલી સવારે અહીંથી પસાર થતા બાઈકચાલકો સ્લીપ થઈને પડ્યા હતા. સવારે નવ વાગ્યા સુધીમાં નવ જેટલા બાઈકચાલકો સ્લીપ થઈને રોડ પર પટકાયા હતા. ગૌશાળા નજીક ત્રણ જેટલા બાઈકચાલકો સ્લીપ થયા હતા.

ત્યારબાદ રામબાગ સોસાયટી પાસે બે બાઈકચાલકો સ્લીપ થયા હતા. જ્યારે અંતિમ યાત્રામાં જઈ રહેલા બે બાઈકચાલકો લક્ષ્મીનારાયણ સોસાયટી પાસે સ્લીપ થઈને રોડ પર પટકાતા ઈજા પહોંચી હતી. જેથી તેમને 108 મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર એક ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અશ્વિનીકુમાર ગરનાળા પાસે બે યુવકો પણ બાઈક પર સ્લીપ થયા હતા. જોકે અન્ય બાઈકચાલકોને સામાન્ય ઈજા થઈ હતી. એક કિલોમીટરના રોડ ઉપર ઓઈલ ઢોળાવાનો કોલ ફાયર કંટ્રોલમાં કરવામાં આવતા કાપોદ્રા ફાયર સ્ટેશનની એક ગાડી ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્યારબાદ આ એક કિલોમીટરના રસ્તા અને પાણીનો મારો ચલાવીને સાફ કરવામાં આવ્યો હતો, જેથી વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. કાપોદ્રા ફાયર સ્ટેશનના જવાન ઘનશ્યામભાઈ ડાભીએ જણાવ્યું હતું કે, કંટ્રોલમાં કોલ આવ્યા હતો કે ઓઈલ ઢોળાવાના કારણે બાઈકો સ્લીપ થઈ રહ્યા છે. એક કિલોમીટરના અંતરમાં ઓઈલ ઢોળાયેલું હતું, તેને પાણીનો મારો ચલાવીને સાફ કરવામાં આવ્યું છે.

# કર્ણાટકની ઠગબાજ કંપનીએ 1.29 કરોડ લઈ સીવીડી ડાયમંડ મશીન નહીં આપતાં છેતરપિંડી

**મહિધરપુરાના** હીરા વેપારીની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી

સુરતઃ મહિધરપુરાના હીરાના વેપારીએ કર્ણાટકની કંપની પાસેથી સીવીડી હીરા બનાવવાના મશીન ખરીદવાના ચક્કરમાં રૂપિયા ૧.૨૯ કરોડ ગુમાવાનો વારો આવ્યો છે.

મહિધરપુરા ગુંદી શેરીમાં રહેતા ગોપાલક્રિષ્ણ અરવિંદભાઈ રંગરેજ ગોતાલાવાડી જીનવાલા કમ્પાઉન્ડમાં નવરંગ મેટાલી નામથી જરી અને હીરાના ધંધા સાથે સંકળાયેલા છે. વેપારી ગોપાલક્રિષ્ણએ હિરાના વેપારમાં સીવીડી હીરા બનાવાવા માટે મશીન ખરીદવા માટે ઓનલાઈન જર્મનનું મુગી બ્રાન્ડ કંપનીનું મશીન પસંદ આવતા કંપનીના ઓથોરાઈઝ ડીલર એનઆરઝી ઈનોટેક સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડ કંપનીના (કુંજલ સ્ટીલની બાજુમાં, ઈન્ડસ્ટ્રીયલ એરીયા ઉદયમબાગ, બેલગામ, કર્ણાટકના ઓથોરાઈઝ ડીલર) સંપર્ક કર્યો હતો. જેથી ગોપાલક્રિષ્ણએ કંપનીના ડિરેટક્ટર પ્રકાશ સોમન મુગલી સાથે વાત કરતા તેઓ સુરત તેમની કંપનીની મુલાકાતે આવ્યા હતા. ત્યારબાદ પ્રકાશે મુગી કંપનીનું ક્વોટેશન મોકલી આવ્યું હતું. મશીનના ઓર્ડર પેટે ગોપાલક્રિષ્ણએ ૧.૩૮ કરોડ ટ્રાન્સફર કરી આપ્યા હતા. પૈસા મોકલી આપ્યા બાદ પણ ઠગબાજ પ્રકાશ મુગલીએ મશીનની ડિલિવરી નહીં આપી હતી. જેથી હીરા વેપારી ગોપાલક્રિષ્ણએ મશીનનો ઓર્ડર કેન્સલ કરી એડવાન્સ પેટે આપેલા રૂપિયાની માંગણી કરતા ૮.૯૨ લાખ આપી દીધા હતા. જયારે બાકી નીકળતા રૂ.૧,૨૯,૦૭,૫૦૦ની અવાર નવાર માંગણી કરવા છતાંયે નહીં આપી હાથ ખંખેરી લીધા હતા. જે અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# માતાની યોગ્ય સારવાર નહીં કરવાના કેસમાં સંગીતકાર ઈસ્માઈલ દરબાર આજે જુબાની આપશે

**માતાને** ગીરીશ ગ્રુપ હોસ્પિ.માં દાખલ કરવામાં આવ્યા હતા, કેસમાં ડોક્ટર તેમજ નર્સની અટકાયત પણ કરાઈ હતી

સુરતઃ ગીરીશ ગૃપ હોસ્પિટલના ડોક્ટરોએ વૃદ્ધાની યોગ્ય સારવાર નહિ કરી બેદરકારી ભર્યું કૃત્ય આચરવાના આક્ષેપ સામે સંગીતકાર ઈસ્માઈલ દરબાર જુબાની આપશે.

આ કેસની વિગત એવી છે કે, સગરામપુરા ખાતે રહેતા સંગીતકાર ઈસ્માઈલ હુસૈનમીયા દરબારની માતા જૈતનુબીબીને વર્ષ 2009માં સાધારણ તાવ સાથે મજુરાગેટ સ્થિત આવેલી ગીરીશ ગૃપ ઓફ હોસ્પિ.માં દાખલ કરાયા હતા. દરમિયાન જૈતુનબીબીને આઈસીયુ વોર્ડમાં દાખલ કરાયા હતા. ડો.પરેશ ભજીયાવાલા અને નર્સ ચંચુબેને જૈતુનબીબીને તપાસીને હુંફાળા ગરમ પાણીનો શેક આપવા માટે બે ગરમ પાણીની થેલી લગાડી હતી. પરંતુ થેલીઓ રબરની હોવાથી જે વધારે પડતી ગરમ હતી. જેથી ત્યાં હાજર ડોક્ટરોનું જૈતુનબીબીની દિકરી સઈદાબેને પણ વધારે પડતી ગરમ થેલી અંગે ધ્યાન દોર્યું હતું. છતાં ડોક્ટરોએ ગરમ પાણીની થેલી હટાવ્યા વગર કણસતી હાલતમાં છોડી દીધા હતા. ગરમ પાણીની થેલીના કારણે ડાબા પડખાના ભાગે ગંભીર રીતે દાઝી જવાથી ચામડી નીકળી ગઈ હતી. આ અંગેની ફરિયાદ થતાં અઠવા પોલીસે ડો.પરેશ ભજીયાવાલા અને નર્સ ચંચુબેનની અટક પણ કરી હતી. આવતીકાલે ૧ ફેબ્રુઆરીએ આ કેસમાં સંગીતકાર ઈસ્માઈલ દરબાર વકીલ કેતન રેશમવાલા મારફતે રૂબરૂ હાજર રહી બનાવ સંદર્ભે પોતાની જુબાની નોંધાવશે. સંગીરતકાર ઈસ્માઈલ દરબારની જુબાની બાદ આ ગુનાના અન્ય જવાબદાર ડોક્ટરોને આરોપી તરીકે જોડવા માટે કાયદાકીય કાર્યવાહી

## સંક્ષિપ્ત સમાચાર

### સૌરાષ્ટ્ર પટેલ સમાજના સમૂહલગ્નમાં 60 યુગલો લગ્નગ્રંથિથી જોડાશે: 121 વિધવા બહેનોને રૂ. 12 લાખની સહાય

સુરત : શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી આગામી 16મી ફેબ્રુઆરી રવિવારના રોજ 66માં સમૂહલગ્નોત્સવ યોજાશે. જેમાં 60 યુગલો લગ્નગ્રંથીથી જોડાનાર છે. સમૂહલગ્નોત્સવની વ્યવસ્થા તથા વર કન્યાના વાલીને જાણકારી આપવા ભક્તિ ઇન્ટરનેશનલ સ્કૂલના ગ્રાઉન્ડમાં 'સમજણનો સેતુ' કાર્યક્રમ યોજાયો હતો. સમાજ અગ્રણી કેશુભાઈ ગોટીના મુખ્યમહેમાન પદે યોજાયેલ આ કાર્યક્રમમાં 121 વિધવા બહેનોને રૂ. 10 હજારની સહાય અર્પણ કરવામાં આવી હતી. આ સમૂહલગ્નોત્સવની સંપૂર્ણ સૌજન્ય જામકંડોરણાવાળા રમેશભાઈ વલ્લભભાઈ ગજેરા પરિવાર તરફથી અપાયું છે. તાજેતરમાં જામકંડોરણા ખાતે યોજાયેલ ભવ્ય સમૂહલગ્નોત્સવમાં પણ સહયોગ આપનાર રમેશભાઈ ગજેરા તથા દાસભાઈ ગજેરા તથા પરિવારજનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના ટ્રસ્ટી ધીરુભાઈ માલવીયા, મુકેશભાઈ ચોવટીયા, બાબુભાઈ રાદડીયા, પ્રવીણભાઈ ડોંગા, લક્ષ્મણભાઈ ડોબરીયા, પ્રભુદાસ પટેલ, રમેશભાઈ વાઘાણી, મનજીભાઈ વાઘાણી અને નરેન્દ્રભાઈ કુકડીયા ઉપસ્થિત રહ્યા હતા.

### પાલના સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરમાં આજે ગણેશ પ્રાગ્ટ્યોત્સવ યોજાશે

સુરતઃ સુરતના પાલ પાટીયા સ્થિત સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિર ખાતે તા.1લી ફેબ્રુઆરીના રોજ માઘ શુક્લ ચતુર્થીના દિને ગણેશ પ્રાગટ્યોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવાસો કિલોનો મોતીચૂરનો લાડુ સિદ્ધિ વિનાયક ગણપતિ ભગવાનને ધરાવવામાં આવશે. વધુ માહિતી આપતા મંદિરના ટ્રસ્ટી નીતિન મહેતાએ જણાવ્યું હતું કે, આ દિવસે વહેલી સવારે 5.30 કલાકે સિદ્ધિ વિનાયક મંદિર, પાલમાં કેસર સ્નાનથી પૂજા-અર્ચના, આરાધના શરૂ થશે. સવારે 9 કલાકે ગણેશ યાગ થશે. પૂર્ણાહૂતિ સાંજે 5.30 કલાકે નાળીયેર હોમવાની સાથે થશે. મંદિર પરિસરમાં રક્તદાન શિબિર યોજાશે. આ પ્રસંગે ઋષિકુમારો દ્વારા વેદપારાયણનું ઉચ્ચારણ કરવામાં આવશે. સાંજે 7 કલાકે મહાઆરતી થશે. રાત્રે 8.30 કલાકે ભજન સંધ્યા યોજવામાં આવી છે.

### શ્યામબાબા મંદિરમાં આઠમાં પાટોત્સવ નિમિત્તે અખંડ જ્યોત પાઠનું આયોજન



સુરતઃ વેસુ વીઆઈપી રોડ સ્થિત શ્રી ખાટુ શ્યામ મંદિર ખાતે હાલ આઠમા પાટોત્સવની ઉજવણી ખુબજ ધામધૂમ પુર્વક થઈ રહી છે. ટ્રસ્ટના પ્રમુખ કૈલાશ હાકિમે જણાવ્યું હતું કે, બપોરે 2 કલાકે સ્થાનિક ગાયકો પવન મુરારકા અને સૂરજ મુરારકા દ્વારા શુક્રવારે અખંડ જ્યોત પાઠનું પઠન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ભજનો પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના સચિવ રાજેશ દોદરાજકા, બસંત અગ્રવાલ, ઓમ સિહોટિયા, દિનેશ અગ્રવાલ, રામાવતાર સિહોટિયા, રાજેશ અગ્રવાલ અને અન્ય ઘણા ભક્તો હાજર રહ્યા હતા.આ કાર્યક્રમ બાદ હવે શનિવારે સવારે 8 કલાકે કેપિટલ ગ્રીન સોસાયટી, વેસુથી એક નિશાનરથ યાત્રાનું પણ આયોજન કરવામાં આવશે અને આજ દિવસે સાંજે 6:30 કલાકે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવશે.

### તેલુગુ સમાજ દ્વારા સુરતમાં તા.2 ફેબ્રુઆરીએ સમૂહ લગ્નનું આયોજન



સુરતઃ શ્રી માર્કંડેય પદ્માશાળી તેલુગુ સમાજ સુરત દ્વારા આગામી તા.2 ફેબ્રુઆરી-2025ના રોજ સમાજનો બીજો સમૂહ લગ્ન મહોત્સવનું આયોજન મનપાનાં કોમ્યુનિટી હોલ ખાતે પરવત ગામે કરાયું છે. સમૂહ લગ્નને લઈને સમાજ દ્વારા અનેકવિધ તૈયારીઓ કરવામાં શરૂ થઈ ચૂકી છે. લગ્નવિધિ સંપૂર્ણ તેલુગુ રીતિ રીવાજો મુજબ કરાશે. સમાજના પ્રમુખ દાસરી શ્રીનિવાસે જણાવ્યું હતું કે, આ સમૂહ લગ્નએ સમાજને એકત્રિત કરવાનો અને સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવાનો એક પ્રયાસ છે. આવનારા સમયમાં આ પ્રકારનાં સમૂહ લગ્નનો વ્યાપ વધારવા માટે સમાજ હરહંમેશ પ્રયત્નશીલ રહેશે.

### નર્સિંગના વિદ્યાર્થીઓ માટે ઓથટેકિંગ અને કેન્ડલ લાઈટિંગ સેરેમનીનું આયોજન



સુરતઃ શેઠ દલીચંદ વિરચંદ શ્રોફ અશકતાશ્રમ, ટ્રસ્ટ સંચાલિત, ટી.એન્ડ ટી.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ, રામપુરા, સુરત દ્વારા બી.એસસી. નર્સિંગના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ અને જી.એન.એમ. કોર્સના વિદ્યાર્થીઓ માટે ઓથટેકિંગ અને કેન્ડલ લાઈટિંગ સેરેમનીનું આયોજન વિનસ હોસ્પિટલ કેમ્પસમાં આવેલા ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. વિનસ હોસ્પિટલના પ્રણેતા અને સંસ્થાના ટ્રસ્ટી સેવંતીભાઈ શાહે જણાવ્યું કે નર્સિંગ એક નોબલ તેમજ ગ્લોબલ વ્યવસાય છે. સંસ્થાના ટ્રસ્ટી હરેશભાઈ મહેતા અને અનલભાઈ મર્ચન્ટે નર્સિંગ વિદ્યાર્થીઓને મહેનત અને શ્રેષ્ઠ શિક્ષણ દ્વારા કારકિર્દીમાં ઉત્તમ પ્રગતિ કરવા માટે પ્રેરણા આપી હતી. સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. કિરણ દોમડીયાએ પ્રથમ વર્ષના નર્સિંગ વિદ્યાર્થીઓને શપથ ગ્રહણ કરાવ્યા હતા.

### રૂંઢ મગદલ્લાના આશાપુરી સિંગોતર માતાના મંદિરમાં પ્રાગટ્ય મહોત્સવ ઉજવા



સુરતઃ રૂંઢ, મગદલાના કાંઠા વિસ્તારમાં ખૂબ જ પ્રસિદ્ધ સિગોતર આશાપુરી માતાજીના દેવી દરબારમાં મંદિરનો 37 માં પ્રાગટ્ય મહોત્સવ પાંચમી ફેબ્રુઆરી 2025 ને બુધવારના રોજ ધાર્મિક વિધિથી ઉજવાશે. જે સંદર્ભે સવારે છ વાગ્યે આરતી ત્યારબાદ નવચંડી યજ્ઞ તથા મહાપ્રસાદી અને સાંધ્ય આરતી નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે તેમ શ્રી આશાપુરી સીગોતર માતાના મંદિરના સંચાલક સંદીપભાઈ અને આશિષભાઈ ભગુભાઈ પટેલે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ દિવસ સંતાન પ્રાપ્તિની માનતા ખૂબ જ પ્રચલિત છે. ભક્તો આ દિવસે સંતાન માટેની મનોકામના રજૂ કરે છે અને તે પૂર્ણ થતા સંતાન લઈ અહીં દર્શન કરવા તેમજ બાધા મુકવા અચૂક આવે છે.

### સુરત ખેલમહાકુંભ કુસ્તીસ્પર્ધામાં બાલાશ્રમ સ્કુલના 13 બાળકો વિજેતા થયા



સુરતઃ સુરત જિલ્લાની ખેલમહાકુંભ કુસ્તી સ્પર્ધા યોજાઈ હતી. તા 27, 28 જાન્યુઆરી 2025 ના રોજ ભાઈઓ અને બહેનોઓની અંડર 14, 17 કુસ્તી સ્પર્ધા આર્ય સમાજની વાડી ખાતે યોજાઈ હતી. સુરત શહેર જિલ્લાની ખેલમહાકુંભ કુસ્તીસ્પર્ધામાં લોખંડવાળા પ્રાથમિક શાળાના 13 બાળકો વિજેતા રહ્યા હતા. ભાઈઓમાં પ્રથમ ક્રમે 2, દ્વિતીય ક્રમે 2 તેમજ તૃતીય ક્રમે 4 વિજેતા રહ્યા હતા. તેમજ બહેનોમાં તૃતીય ક્રમે 5 આમ કુલ 13 બાળકો વિજેતા રહ્યા હતા. આ સિદ્ધિ બદલ સંચાલક મંડળે, આચાર્યા નિધિ બહેન લાકડાવાલા અને શાળા પરિવારે વિજેતા થયેલા બાળકો અને તાલીમ આપનાર હેમંતભાઈ પટેલને પણ અભિનંદન પાઠવ્યા હતા.